**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,**

**મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ,**

**પાંચમો માળ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા – ૩૯૦ ૦૦૭.**

**સમક્ષ**

**કેસ નં. એમ.જી.III-૪૧-૨૦૧૫-૧૬**

ફરિયાદી : શ્રી પંચાલ બાબુભાઇ બેચરભાઇ,
મુ.પો. પાંડરવાડા, તા. ખાનપુર,
જિ. મહિસાગર.

રજુઆત કરનાર: એક પણ મુદતમાં કોઇ હાજર રહેલ નથી.

સામાવાળા: નાયબ ઇજનેર
મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,
લુણાવાડા-૨ સબ-ડીવીઝન.

રજુઆત કરનાર: શ્રી એચ. પી. કટારીયા, નાયબ ઇજનેર,
શ્રી આર. બી. માલીવાડ, જુનીયર ઇજનેર,
એમજીવીસીએલ, લુણાવાડા-૨ સબ-ડિવિઝન. જી. મહિસાગર.

ફરીયાદીની તા. ૨૦.૦૫.૨૦૧૫ના રોજની ખેતી વિષયક વીજ જોડાણ બાબતની અરજ.

ફરીયાદીની તા. ૨૦.૦૫.૨૦૧૫ ના રોજની ખેતી વિષયક વીજ જોડાણ માટેની અરજી તા. ૦૪.૧૨.૧૫; તા. ૨૯.૧૨.૧૫ તથા ૨૧.૦૧.૧૬ ના રોજ સાંભળવા માટે તારીખ મુકરર કરવામાં આવેલ. તા. ૨૯.૧૨.૧૫ તથા તા. ૨૧.૦૧.૧૬ ના રોજ હાજર હોવા માટે કાઢવામાં આવેલ નોટીસ ફરિયાદીએ સ્વીકારવાની ના પાડતા પોષ્ટ ઓફિસે પરત મોકલેલ છે. આમ; કાયદા મુજબ ફરિયાદીને નોટીસ બજી ગઇ ગણાય. ફરિયાદીને બજાવેલ નોટીસ બજવા છતાં (ત્રણ વખત તક આપવા છતાં) ફરિયાદી એક પણ મુદતમાં હાજર રહેલ નથી. તેથી ફરિયાદીની ગેરહાજરીમાં ફરિયાદનો નીકાલ કરવાનો રહે છે. સામાવાળા તરફે શ્રી એચ. પી. કટારીયા, નાયબ ઇજનેર તથા શ્રી આર. બી. માલીવાડ, જુનીયર ઇજનેર, લુણાવાડા-૨ સબ-ડિવિઝન, જી. મહીસાગર, એમ.જી.વી.સી.એલ. ના હાજર રહ્યા. સામાવાળાને સાંભળ્યા તથા ફરિયાદીની લેખિત ફરિયાદ તેમજ રજૂ કરેલ દસ્તાવેજી પૂરાવા ધ્યાને લીધા. ફરિયાદીએ તા. ૧૯.૦૧.૨૦૧૬ ના રોજની અરજ કરી આર.ટી.આઇ. હેઠળ કેટલીક માહિતી માંગેલ છે. ફરિયાદીની આ અરજી એમ.જી.વી.સી.એલ. ના જાહેર માહિતી અધિકારીને મોકલી આપેલ છે.

ફરિયાદીની ફરિયાદની ટૂંકમાં વિગત એવી છે કે,

સર્વે નં. ૫૯/૦૫ ના કૂવા ઉપર તા. 03.0૧.૨૦૦૦ ના રોજ અરજી કરી પંચાલ બેચરભાઇ સબુરભાઇ એ વીજ કનેકશન માંગેલ. તા. ૩૦.૦૪.૦૧ ના રોજ પંચાલ બેચરભાઇ સબુરભાઇ ગુજરી જવાથી તેઓના વારસદાર તરીકે પંચાલ બાબુભાઇ બેચરભાઇએ તેઓના નામે વીજ જોડાણ મેળવવા જરૂરી કાર્યવાહી પૂર્ણ કરી માંગણી કરેલ. પરંતુ મધ્ય ગુજરાત વીજ કંપનીએ સર્વે નં. ૫૯/૦૫ ના કૂવા પર પંચાલ કાંતીલાલ મણીલાલને તા. ૨૬.૧૨.૧૪ ના રોજ કનેક્શન આપેલ છે. તેથી ફરિયાદીએ પોતાના નામે વીજ જોડાણ કરાવવા હાલની અરજ કરેલ છે.

સામાવાળા તરફે શ્રી એચ. પી. કટારીયા, નાયબ ઇજનેર તથા આર. બી. માલીવાડ, જુનીયર ઇજનેર, લુણાવાડા-૨ સબ-ડિવિઝન ના હાજર રહ્યા અને રજુઆત કરેલ. સામાવાળાએ જણાવ્યું કે; સર્વે નં. ૫૯/૫ માં ખેતી વિષયક વીજ જોડાણ માટેની અરજી બેચરભાઇ સબુરભાઇ પંચાલે તા. ૦૩.૦૧.૨૦૦૦ ના રોજ કરેલ.તા. ૩૦.૦૪.૦૧ ના રોજ પંચાલ બેચરભાઇ સબુરભાઇ ગુજરી જવાથી તેઓના વારસદાર તરીકે પંચાલ બાબુભાઇ બેચરભાઇએ તેઓના નામે વીજ જોડાણ મેળવવા જરૂરી કાર્યવાહી પૂર્ણ કરી માંગણી કરેલ. તા.૧૦.૦૨.૨૦૧૨ ના રોજ સર્વે કરવામાં આવેલ. ટેકનિકલ મંજૂરી તા. ૧૦.૦૨.૧૨ ના રોજ આપવામાં આવેલ. ફર્મ ક્વોટેશન તા. ૧૩.૦૨.૧૨ ના રોજ આપવામાં આવેલ. જે તા. ૦૫.૦૩.૧૨ ના રોજ ભરાયેલ. બેચરભાઇ સબુરભાઇ પંચાલ તા. ૩૦.૦૪.૦૧ ના રોજ ગુજરી ગયેલ. ફર્મ ક્વોટેશન આપ્યા બાદ અમારી જાણમા આવેલ કે; બેચરભાઇ સબુરભાઇ પંચાલ ગુજરી ગયેલ છે. તા. ૨૫.૦૨.૧૩ ના રોજ ફરિયાદીએ નામફેર માટે અરજી કરેલ. આ અરજી તા. ૨૯.૦૫.૨૦૧૩ ના રોજ મંજૂર કરવામાં આવેલ. તા. ૦૭.૦૩.૧૪ ના રોજ પંચાલ બાબુભાઇ બેચરભાઇ સાથે કરાર કરવામાં આવ્યો.તા. ૧૫.૧૧.૧૩ ના રોજ ટુ મંથ નોટીસ (T.M.N.) આપવામા આવી. ફરિયાદી દ્વારા ટેસ્ટ રીપોર્ટ આપવામાં આવેલ નહીં. તેથી T.M.N. સમય મર્યાદા પુરી થવાથી કનેક્શન અનકનેક્ટેડ રીલીઝ ગણી તા. ૧૫.૦૧.૧૪ થી બિલ આપવાનું શરૂ કર્યું.

ત્યારબાદ તા. ૧૧.૧૨.૧૪ ના રોજ પંચાલ બેચરભાઇ સબુરભાઇ ના નામથી મીટરરૂમ તૈયાર થયા બાબતની અરજી પંચાલ કાન્તીલાલ મણીલાલની સહીથી આપવામાં આવી, અને તા. ૧૨.૧૨.૧૪ ના રોજ ટેસ્ટ રીપોર્ટ આપવામાં આવ્યો. તા. ૨૬.૧૨.૧૪ ના રોજ કનેક્શન ફીઝીકલ રીલીઝ કરવામાં આવ્યું. તા. ૧૪.૦૪.૧૫ ના રોજ ફરિયાદીએ નાયબ ઇજનેરશ્રીને પત્ર લખી જણાવેલ કે, તેઓ દ્વારા ટેસ્ટ રીપોર્ટ આપવામાં આવેલ નથી અને કનેક્શન તેઓના નામે તબદીલ કરવા માંગણી કરેલ. આ અંગે સામાવાળાએ ફરિયાદીને તા. ૧૯.૦૬.૧૫ ના રોજ પત્ર લખી જણાવેલ કે; "આપના સર્વે નં. ૫૯/૫ માં તા. ૧૦.૧૨.૧૪ ના રોજ રજૂ કરેલ ટેસ્ટ રીપોર્ટ ના આધારે સર્વે નં. માં કૂવામાં માંગણી મુજબ જ વીજ જોડાણ આપેલ છે. તેમજ સદર વીજ કનેક્શન બેચરભાઇ સબુરભાઇ પંચાલ મૈયત થવાથી નામ ફેરની આપની અરજીની મંજૂરી મુજબ હવે પછીનું લાઇટબીલ આપના નામનું આવશે." ફરિયાદીની ફરિયાદ બાબતે તેઓએ જણાવેલ કે, મૂળ અરજી પંચાલ બેચરભાઇ સબુરભાઇની હોઇ જમીનના સહભાગીદાર પંચાલ કાંતીલાલ મણીલાલ દ્વારા ટેસ્ટ રીપોર્ટ રજૂ કરેલ હોઇ તેના આધારે હાલ બાબુભાઇ બેચરભાઇ ના નામે જ વીજ જોડાણ આપેલ છે.

ફોરમના સભ્યો સુનવણી દરમ્યાન હાજર રહ્યા. ફરિયાદીની ફરિયાદ તથા બન્ને પક્ષોએ રજૂ કરેલ દસ્તાવેજી પૂરાવા તેમજ સામાવાળાની રજૂઆત સાંભળી. ફરિયાદીની ફરિયાદ તથા સામાવાળાની રજૂઆત મુજબ એવી છે કે, તેઓના પિતાશ્રીએ વીજ જોડાણ મેળવવા તા. ૦૩.૦૧.૨૦૦૦ ના રોજ અરજ કરેલ. ત્યારબાદ તેઓના પિતાજી તા. ૩૦.૦૪.૦૧ ના રોજ ગુજરી ગયેલ. ફરિયાદીએ વીજ જોડાણ પોતાના નામે મેળવવા એટલે કે નામફેર માટે તા. ૨૫.૦૨.૧૩ ના રોજ અરજ કરેલ અને તા. ૦૭.૦૩.૧૪ ના રોજ કરાર કરવામાં આવેલ. સામાવાળા દ્વારા ફરિયાદીને નોટીસ તા. ૧૫.૧૧.૧૩ ના આપવામાં આવેલ. ફરિયાદીએ ટેસ્ટ રિપોર્ટ નોટીસની સમય મર્યાદામાં રજૂ ન કરતા નિયમ મુજબ કનેક્શન અનકનેક્ટેડ રીલીઝ તા.૧૫.૦૧.૨૦૧૪ થી કરવામાં આવેલ અને તે મુજબ બીલીંગ ચાલુ કરેલ. ત્યારબાદ તા. ૧૨.૧૨.૧૪ ના રોજ ટેસ્ટ રીપોર્ટ પંચાલ બેચરભાઇ સબુરભાઇના નામથી પંચાલ કાન્તીલાલ મણીલાલ ની સહીથી રજૂ કરવામાં આવેલ.તેથી સામાવાળાએ પંચાલ બેચરભાઇ સબુરભાઇના નામે કનેક્ન રીલીઝ કરેલ. આ કનેક્શન ફરીયાદીના નામે ફેરફાર MGVCL એ મંજુર કરેલ છે.તેથી ફરીયાદીએ રીલીઝ કનેકશન તે મુજબ કરી આપવા અરજ કરેલ છે.

ફોરમના સભ્યો સુનવણી દરમ્યાન હાજર રહ્યા. ફોરમના મંતવ્ય મુજબ સર્વે નં. ૫૯/૫ ના કૂવા પર આપવામાં આવેલ વીજ જોડાણ ફરિયાદી શ્રી બાબુભાઇ બેચરભાઇ પંચાલના નામે કરી.નામફેર મંજુર થયેલ છે ત્યારબાદ મૃત્યુ પામેલ વ્યકિતના નામે કનેકશન રીલીઝ કરેલ છે.તે MGVCLની ભુલ છે.જે સુધારી રીલીઝ કનેકશન શ્રી બાબુભાઇ બેચરભાઇ પંચાલના નામે કરી આપવું જોઇએ.

<u>હુકમ</u>

મધ્ય ગુજરાત વીજ કંપની ને હુકમ કરવામાં આવે છે કે સર્વે નં. ૫૯/૫ મુ. પાંડરવાડા, તા. ખાનપુર, જી. મહીસાગર માં આવેલ કૂવા ઉપર આપવામાં આવેલ વીજ જોડાણનું નામફેર કરી ફરિયાદીશ્રી પંચાલ બાબુભાઇ બેચરભાઇના નામે કરવું તથા હવે પછીના બિલ પંચાલ બાબુભાઇ બેચરભાઇના નામે આપવા.

| | | |
|---|---|---|
| (પી.કે.અગ્રવાલ)<br>ટેકનિકલ મેમ્બર | (હર્ષા એસ. ચૌહાણ)<br>ઇન્ડીપેન્ડન્ટ મેમ્બર | (પી. જે. પટેલ)<br>ચેરપરસન |

આપને ફોરમના ઉપરોક્ત ઓર્ડરથી અસંતોષ હોય તો આપ સ્ટાફ ઓફિસર, ઇલેક્ટ્રીસીટી ઓમ્બડસમેન્ટની ઓફિસ, ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેશન કમીશન, બેરેક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. જીઇઆરસી નોટીફિકેશન ૨૦૧૫ ના નોટીફિકેશન નં. ૪ ના ચેપ્ટર નં. ૫ ના ક્લોઝ નં. ૧૩ મુજબ. ઓમ્બડસમેન્ટ સમક્ષ રજૂઆત કરી શકો છો.

<u>વિદ્યુત લોકપાલ સમક્ષ રજૂઆત કરવાની કાર્ય પદ્ધતિ</u>:

(૧) ફોરમના હુકમની તારીખથી ૩૦ દિવસની અંદર વિદ્યુત લોકપાલને રજુઆત કરવી આવશ્યક છે.

(૨) અરજી વિદ્યુત લોકપાલની ઓફિસે મોકલવી તથા તે અરજીની નકલ તમામ સામાવાળા પક્ષકારોને આપવાની રહેશે.

(૩) ફરિયાદીના નામ / સરનામા સાથે સહીવાળી લેખિત રજૂઆત કરવી.

(૪) રજૂઆત સોગંદનામા સહિત હોવી જરૂરી છે.

(૫) ફોરમ સમક્ષ કરેલ અરજી તથા ફોરમે કરેલ હુકમની ખરી નકલ બિડાણ કરવાની રહેશે. અરજી સાથે ખરાઇ (સર્ટીફાઇડ) કરેલ દસ્તાવેજો જોડવા જરૂરી છે.

(૬) ફોરમના હુકમ મુજબ ફરિયાદીને જો કોઇ રકમ ભરપાઇ કરવાની થતી હોય તો તે રકમના ત્રીજા ભાગની રકમ ભરપાઇ કરી તેના પુરાવા અરજી સાથે બિડવાના રહેશે.

(૭) સદર ફરિયાદ કોઇ પણ સક્ષમ ફોરમ અથવા કોઇ પણ કોર્ટ, ટ્રીબ્યુનલ, આરબીટ્રેટર, કે અન્ય કોઇ ઓથોરીટી સમક્ષ પડતર ન હોવી જોઇએ.

(૮) બધી જ રજૂઆતો પ્રથમદર્શીય નુકશાન અને અગવડતાના સંદર્ભમાં પુરતા અને વાજબી કારણોસરની હોવી જોઇએ.

(૯) રજુઆત અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં કરી શકાશે.